# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/**૩૮/ક્વા-૪/૧૯-૨૦/૧૬૫૦-૩ તા.૦૬.૦૩.૨૦૨૦

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, **રાજકોટ** ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૩૮/ક્વા-૪/૧૯-૨૦

અરજદાર: પરસાડીયા દિનેશભાઈ સામંતભાઈ ગામ–રાજકોટ **સબડીવીઝન:**વાવડી રાજકોટ શહેર

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી **રાજકોટ શહેર-૩**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

તારીખ: ૦૪-૦૩-૨૦૨૦ (બુધવાર)

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, વીજબીલ આવતું ન હોય અવારનવાર વાવડી પેટાવીભાગીય કચેરીમાં રજૂઆત કરેલ પરંતુ નિરાકરણ ન આવતા તા.૨૪.૧૨.૨૦૧૯ ના રોજ લેખીત અરજી આપેલ ત્યારબાદ ફરીથી તા.૦૭.૦૧.૨૦ ના રોજ અરજી કરેલ ત્યારે આધાર પુરાવા રજુ કરવા જણાવતા એ-૧

ફોર્મ બાજુવાલાનું લાઈટ બીલ ની નકલ રજુ કરેલ. તા.૧૧.૦૨.૨૦ ના રોજ મીટરમાં નોન્ધ્યેલ રીડીંગ નું રેકોર્ડીંગ મોબાઈલમાં સદર ઓફિસમાં રજુ કરેલ અને રીડીંગ મુજબ બીલ આપવા રજૂઆત કરેલ પરંતુ સક્ષમ અધિકારી દ્વારા તોછડું વર્તન કરેલ અને વીજ બીલ મળવા અંગેની ફરિયાદનું નિરાકરણ ન આવતા–અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે..

૧.૧ અરજદાર ની લેખીત રજૂઆત તા.૧૫.૦૨.૨૦૨૦ મુજબ અરજદારનું વિજબીલ ગ્રા.નં. ૩૪૫૧૩/૪૪૫૭૬/૯ થી બનાવી આપતા ઉપરોક્ત મુદ્દા નં. ૧.૦ મુજબ કરેલ ફરિયાદનું પીજીવીસીએલ પક્ષકાર તરફથી સુખદ નિરાકરણ કરી આપતા અરજદાર શ્રી પરસાડીયા દિનેશભાઈ સામંતભાઈ દ્વારા સદર બાબતે કોઈ રજૂઆત કરવાની રહેતી ન હોય કરેલી ફરીયાદ રદ કરવા વિનતી કરેલ છે.

## :: હુકમ ::

૨.૦ અરજદાર ની રજૂઆત અન્વયે **પેરા નં ૧.૧** અન્વયે અરજદારની સદર ફરિયાદનું નિરાકરણ થતા - અરજદારની લેખિત રજૂઆત તા.૧૫.૦૨.૨૦૨૦ થી રજુ કરાયેલ છે તે મુજબ સદર બાબતે કોઈ રજૂઆત કરવાની રહેતી નથી.

૨.૧ **આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય**, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

૨.૨ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| **(કે. જે. મોટાણી)** | **(જે.બી.પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |